અપીલ અરજી નં.૨૩ તા.૧૬–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જયેશકુમાર હિતેન્દ્રભાઈ ભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયેશકુમાર હિતેન્દ્રભાઈ ભટ્ટની તા.૯–૨–૧૧ની અરજીથી ટેના. નં.૨૭એ–૦૧–૧૨૨૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં સદરહુ ઉધના ધર્મશાળા સેક્રેટરી કમ ટ્રસ્ટી, ઈશ્વરલાલ એમ. નાઈક તથા ઓકયુપાયર પ્રાઈમરી સ્કૂલ અને બાલમંદિર નું ઈસ.૧૯૫૮ થી ઈ.સ.૨૦૧૧ સુધીમાં નામ કઈ રીતે કયા પુરાવાઓને આધારે એસ.એમ.સી. ના દફતરે ચડાવવામાં આવેલ છે તથા કઈ તારીખથી તથા આપશ્રીની કચેરીના સક્ષમ અધિકારી કે જેમણે ઈન્સ્પેકશન કર્યા બાદ જે રીપોર્ટ કર્યો હોય તેની નકલો ગ્રામ પંચાયત,નગરપંચાયત, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વિગરે કચેરીઓમાંથી પત્રકોની આદાન–પ્રદાન જો થઈ હોય તેની નકલો ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૩–૧૧ ની **SMC/FAP/** નં.૨૩ /૨૦૧૧–૧૨

શ્રી જયેશકુમાર હિતેન્દ્રભાઈ ભટ્ટની તા.૯–૨–૧૧ની અરજીથી ટેના. નં.૨૭એ–૦૧–૧૨૨૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં સદરહુ ઉધના ધર્મશાળા સેક્રેટરી કમ ટ્રસ્ટી ,ઈશ્વરલાલ એમ. નાઈક તથા ઓકયુપાયર પ્રાઈમરી સ્કૂલ અને બાલમંદિર નું ઈસ. ૧૯૫૮ થી ઈ.સ.૨૦૧૧ સુધીમાં નામ કઈ રીતે કયા પુરાવાઓને આધારે એસ.એમ.સી. ના દફતરે ચડાવવામાં આવેલ છે તથા કઈ તારીખથી તથા આપશ્રીની કચેરીના સક્ષમ અધિકારી કે જેમણે ઈન્સ્પેકશન કર્યા બાદ જે રીપોર્ટ કર્યો હોય તેની નકલો ગ્રામ પંચાયત,નગરપંચાયત, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વિગે કચેરીઓમાંથી પત્રકોની આદાન–પ્રદાન જો થઈ હોય તેની નકલો ની માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં. સા.ઝોન/અકણ/ ૭૬૧ તા.૪–૩–૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૧૬–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા, તથા દફતરી વિગત ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ નિકાલની વિગતો તુમાર ,આકારણી રજીસ્ટરની નકલોની સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧ તા.૨૭–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭૦ તા.૯–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ટેના નં.૨૭એ–૦૧–૧૨૨૧–૦–૦૦૧ ની તા.૨–૪–૦૮ ના રોજ ભરપાઈ કરેલ ટેક્ષની નકલ, તથા ટેનામેન્ટનો આકારણી દફતરે ઉતારાની નકલ , અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૬૧ તા.૪–૩–૧૧ ના પત્રની નકલ તથા તેને યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૯–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૬૧ તા.૪–૩–૧૧ થી સઘન તપાસ કરવા છતાં પણ ટેના નં.૨૭એ–૦૧ –૧૨૨૧ –૦–૦૦૧ વાળી મિલ્કતમાં સેક્રેટરી કમ ટ્રસ્ટી ઈશ્વરલાલ એમ. નાયક તથા ઓકયુપાયર પ્રાઈમરી સ્કુલ અને બાલમંદિરનું સને ૧૯૫૮ થી સને ૨૦૧૧ સુધીમાં કઈ રીતે અને કયા પુરાવાના આધારે નામ દાખલ કરેલ છે તથા તે અંગે વિવિધ કચેરીમાં કરેલ પત્રોની નકલ મળી શકેલ નથી જેથી આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૬–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે ઉધનાઝોન તરફથી તા.૧૯–૪–૧૧ ના રોજ આરટીઆઈ સેલ ખાતે મોકલવામાં આવેલ છે. જે અંગે આરટીઆઈ સેલ/૧૧૧ તા.૨૭–૪–૧૧ થી જાહેર માહિતી અધિકારી પાસેથી વિગતો માંગવામાં આવેલ. જે અંગે ખાતાકીય તપાસ કરાવવા તથા મુળ માલિકનું નામ દાખલ કરવાની રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે સને ૨૦૦૭–૦૮ માં નામફેર અંગેનું ફોર્મ તથા ફોર્મ આપ્યાની તા.૨૪–૩–૦૮ ની રસીદ રજૂ કરેલ છે. જે અંગે અત્રેથી અપીલમાં જણાવેલ ખાતાકીય તપાસ કરાવવા કરેલી રજૂઆત અંગે પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૧૦ તા.૨૭–૪–૧૧ ના રોજ એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવીને અરજદારની જાણ હેઠળ રવાના કરવામાં આવેલ છે. અરજદારે નામફેર અંગેની કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ બાબત હેઠળનું દફતર નહીં હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૧૬–૩–૧૧ ની અપીલ અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતેથી એક માસના વિલંબથી અપીલીય કાર્યવાહી માટે મોકલેલ હોવાના કારણે અપીલનો નિકાલ કલમ–૧૯(૬) ની અવધિમાં થઈ શકેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અંગે દફતર ઉપલબ્ધ નહીં હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે જે કલમ–૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત છે તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળના ઉપલબ્ધ દફતર રજીસ્ટરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫(૨) હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને કરી શકે છે. અરજદારની તેવી રજૂઆત થયે હુકમની અમલવારી કરવા તથા અરજી અપીલ તબદીલીના કિસ્સામાં કલમ–૬(૩) ની દિન–૫ ની અવધિ જાળવવા તકેદારી રાખવા પણ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જયેશકુમાર હિતેન્દ્રભાઈ ભટ્ટ,